



# મૂરખલાલના
# જડ્ડુદી ગધેડાં

નાના મોટા દરેકને ખડખડાટ હસાવતા મૂરખરાજ

# મૂરખલાલનાં જાદુઇ ગધેડાં

( સચિત્ર )



શ્રી. રમણલાલ પી. સોની



કિંમત આઠ આના

એન. એમ. ઠક્કરની કંપની
બુકસેલર્સ : પબ્લિશર્સ
૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

પ્રકાશક :
નંદલાલ મોહનલાલ ઠક્કર
એન. એમ. ઠક્કરની કું.
૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ—૨

પ્રથમ આવૃત્તિ
૧૯૫૦

મુદ્રક :
મણિલાલ પ્રભાશંકર વ્યાસ
શ્રી લક્ષ્મી ઇલેક્ટ્રીક પ્રિં. પ્રેસ,
મોદીખાના રોડ, વડોદરા.

મુરબ્બી શ્રી મૂરખલાલ !

અહીં આપની જીવનકથાનાં થોડાં પાનાં આપની રજાથી, રજૂ કરું છું.

આપે હંમેશાં સૌને આનંદ આપ્યો છે. જાતે ઘસાઇને, જાતે કષ્ટ વેઠીને, માર ખમીને અને માર કરતાંયે વધારે ભયાનક એવા શબ્દવેણ સહીને ! આપની એ ભવ્ય જીવનલીલાનાં આ થોડાં પાનાં પણ જરૂર સૌને આનંદ આપશે

આપે કદી પ્રશંસાની, બદલાની કે કદરની આશા રાખી નથી : આપે માત્ર યથાશક્તિ, યથામતિ સેવા કરી છે : આપે કદી કોઇનું પડાવી લેવા, કોઈનું બુરૂ કરવા, કોઇને નીચુ જોવડાવવા કે રંજાડવા કોશિષ કરી નથી : આપે માત્ર તટસ્થભાવે, ભલાભાવે આપનું કામ કર્યું છે.

આપ કોઇ એક દેશના નથી. એક કાળના નથી, અમે જ્યાં નજર કરીએ ત્યાં આપની હાજરી દેખાય છે. ને આપનાં રૂડાં કામને મહિમા સંભળાય છે. આપ અમારા ઘરમાં છો, મનમાં છો, હૃદયમાં છો, પૃથ્વી પર પહેલો મનુષ્ય જન્મ્યો ત્યારે પણ આપ હતા, ને છેલ્લો મનુષ્ય મરશે ત્યારે પણ આપ હશો આપ સર્વત્ર છો, સર્વ કાળમાં છો. આપ અમર છો

આપનો જય હો !

: ૨૩ :

# મૂરખલાલ ખેતરમાં બાજરો કેટલો થશે એ કહે છે

આવો હીરો અને એને મળ્યો મૂરખ ! પછી શું બાકી રહે !

બન્ને જણ એક વખત ફરવા નીકળ્યા હતા. એક ખેતર પાસે થઇને જતા હતા. ખેતરમાં બાજરો બરાબર થયો હતો. ડુંડે ડુંડે દાણો મલકાતો હતો. એ જોઇ હીરો કહે 'દોસ્ત મૂરખ ! આ ખેતરવાળો આ વરસે ન્યાલ થઇ જશે !'

મૂરખે કહ્યું : 'કેમ, વારૂ ?'

હીરાએ કહ્યું : 'જોને, ખેતર કેવું ફાટફાટ થાય છે. કેટલો બાજરો થશે, શું ધારે છે તું ?'

મૂરખે ઉંડો વિચાર કરી, ગણતરી કરી જોઇને કહ્યું : 'કહું ?'

હીરાએ કહ્યું : 'કહે !'

મૂરખે કહ્યું : 'બે મણ તો થશે, થશેને થશેજ !'

હીરાએ કહ્યું : 'બસ, બે મણ ? અરે જા, જા, હું કહું છું કે અડધા મણથી એક દાણો ઓછો નહિ થાય !

મૂરખે ભારપૂર્વક કહ્યું : 'કોઈ હિસાબે નહિ ! બે મણથી વધારે થાય તો મારી મૂછ મુંડાવી નાખું' !

હીરાએ કહ્યું : 'મુછ ઊગી નથી એટલે ભાઇ સાહેબ મૂછ મૂંડાવવાની વાત કરે છે. પણ હું એમ દબી જાઉં એવો નથી. હું ચોક્કસ કહું છું કે તું કકડા થઇને પડે તોયે આ ખેતરમાં અડધા મણથી ઓછો દાણો થાય નહિ ! બે મણ તો કદાપિ નહિ ! '

મૂરખે કહ્યું : ' અને હું ચોક્કસ કહું છું ? તું આભલામાંથી પડે તોયે બે મણથી વધારે દાણો થાય નહિ ! અડધો મણ તો કદાપિ નહિં ! '

હીરાએ કહ્યું : 'તું માથું પછાડી મરે તોયે નહિ !'

મૂરખે કહ્યું : 'તું ફાટી પડે તોયે નહિ ! '


હીરાએ કહ્યું : ' તું ઉભો ઉભો મરે તોયે નહિ ! '

મૂરખે કહ્યું : ' તું સૂતો સૂતો મરે તોયે નહિ ! '

હીરાએ કહ્યું : ' તોયે નહિ !'

મૂરખે કહ્યું : ' તોયે નહિ ! '

વાદાવાદ પરથી બન્ને જણા મારામારી પર આવી ગયા. હીરાએ ઝાલી ચોટલી, ને મૂરખે ઝાલ્યું ગળું.



એટલામાં ખેતરવાળાની નજર એ તરફ પડી. કોઈ બે જણા લડે એનો એને વાંધો નહોતો. મરે એનોયે એને વાંધો નહોતો પણ પોતાના ખેતરના શેડે લડીને કે મરીને તેઓ એને પોલીસ થાણામાં ઘસડે તેનો એને વાંધો હતો. તેથી એ લાકડી લઈને દોડી આવ્યો. બન્ને જણને બબ્બે દઈ વાળી એણે લડતા અટકાવ્યા.

તરત હીરો ને મૂરખ લડવાનું ભૂલી દોસ્ત બની ગયા, એકબીજાના ગળે હાથ ભેરવી પાછા ઘર તરફ વળ્યા.

ખેડૂત તો એ જોઈને આભોજ બની ગયો !

# મૂરખલાલ પોતાનો અવાજ પકડવા દોડે છે

એક વખત મૂરખલાલ અને હીરો નદી કિનારે ફરવા ગયા હતા.

સાંજનો સમય હતો. દૂર કોઇ ભરવાડ ઘેટાંને પાછાં ઘેર વાળવા માટે બૂમો પાડતો હતો. ભરવાડનો અવાજ સાંભળી મૂરખને થયું. આ ભરવાડનો અવાજ અહીં સુધી પહોંચે છે, તો મારો અવાજ કયાં સુધી પહોંચતો હશે ?

તેણે હીરાને આ વાત કરી.

હીરાએ કહ્યું :'પરીક્ષા કરી જોઇએ તો ખબર પડે!'

મૂરખે કહ્યુ: 'તો કરો પરીક્ષા ! આપણે અહીંથી હોહોહોની બૂમ પાડીએ, ને પછી એ અવાજ કેટલે પહોંચે છે એ જોવા પાછળ દોટ મૂકીએ! તરત પારખું !'

હીરાને પણ એ વાત ગમી ગઇ.

બંને જણે હો હો હો! કરી બૂમ પાડી, પછી તરત સામે મોંએ અવાજને પકડવા, લાંબા હાથ કરી દોટ મૂકી.

એકાદ ખેતરવા દોડયા પછી તેમને માલમ પડયું કે અવાજનો પત્તો નથી!

હીરાએ કહ્યું: 'કદાચ પેલી ઝાડીમાં સંતાઇ ગયો હોય! પકડાવું કોને ગમે?'

મૂરખે કહ્યું 'પણ આપણે કયાં છોડીએ એવા છીએ? મગલાશા શેઠનું ધાન ખાઇએ છીએ, ધૂળ નથી ખાતા!'

આમ કહી તેમણે પૂંઠ ફેરવી હો હો હો કરી જોરથી બુમ મારી, ને શ્વાસભેર દોટ મૂકી.

પણ થોડું દોડયા પછી માલમ પડયું કે અવાજ નાસી ગયો છે.

બંને જણે ફરી હો હો હો કરી દોટ મૂકી. ફરી અવાજ ગૂમ થઇ ગયો. ફરી બૂમ પાડી. ફરી દોટ મૂકી.

આમ કેટલાય વખત સુધી ચાલ્યા કર્યું. પણ અવાજ ન પકડાયો તે ન પકડાયો.


છેવટે થાક ઉતારવા બંને જણે નદીમાં પડવાનો વિચાર કર્યો.

સદરા કાઢી બંનેએ નદીના ભાઠાની રેતીમાં મૂકયા.

આ વખતે હીરાએ કહ્યું: 'જો, માથા ઉપર ચાંદો છે; એ આ લુગડાંની નિશાની!'

મૂરખે કહ્યું: ‘ નિશાની બહુ સરસ છે ! કોઇ એમાં મીનમેખ કરી જ ન શકે ! ’

પછી બંને જણ નદીમાં નાહવા પડયા. ખૂબ ઝીંકયા



ખૂબ તર્યા. તરતાં તરતાં દૂર નીકળી ગયા. પછી કોઇ બીજી જ જગ્યાએ નદીમાંથી બહાર નીકળી એમણે લુગડાંની તપાસ કરવા માંડી. પણ લુગડાં દેખાયાં નહિ. નિશાની યાદ કરી તેમણે ચાંદાની સામે જોયું, તો બરાબર માથા ઉપર હતો.

હીરો કહે — ‘ આમ કેમ ! ચાંદો માથા ઉપર છે, અને લુગડાં નથી ! ’

મૂરખ કહે — ‘જરા આગળ જઇને જોઇએ !’

બંને જણ થોડે આગળ ગયા, પછી ઉંચુ જોયું. તો ચાંદો બરાબર માથા ઉપર હતો! વળી તેમણે નીચું જોયું, પણ ત્યાં લુગડાં નહોતાં!

મૂરખે કહ્યું: 'આતો નવાઇની વાત! ચાંદો જેવા ચાંદાની નિશાની છે, છતાં લુગડાં જડતાં નથી.'

વળી તેઓ આગળ વધ્યા, વળી તેમણે ઉંચુ જોયું. ચાંદો બરાબર માથા ઉપર હતો, પણ નીચે લુગડાં નહોતાં!

આમ બંનેએ લુગડાંની શોધમાં ફર્યા કર્યું: એટલું બધું ફર્યા, કે એમનાં ભીનાં પંચિયાં શરીર પરને શરીર પર સુકાઇ ગયાં. થાકીને બંને જણે પછી એક ઠેકાણે ભાઠાની રેતીમાં જઇને બેસવાનો વિચાર કર્યો. થોડે દૂર એક સારી જગ્યા દેખાતી હતી, ત્યાં જઇને બન્ને બેઠા, પણ બેસતાંજ બંને સાથે બોલી ઉઠ્યા: 'અરે! આતો મારો સદરો! અહીં ક્યાંથી આવી ગયો?'


વળી બંને જણે ઉંચે નજર કરી તો માથા પર ચાંદો હતો!

મૂરખ કહે – 'ગમેતેમ પણ ચાંદો સાચો તો ખરો– આપણા મગલાશા શેઠ જેવો!'

હીરાએ સદરાને ચારે તરફથી જોઇ તપાસીને કહ્યું:

'થાપણ જેવી મૂકી તેવીજ પાછી સોંપી છે! આનું નામ તે શાહુકાર! શું સમજ્યો?'

**આમ કહી એણે મૂરખનો કાન ઝાલી આમળ્યો!**



બંને મિત્રો કપડાં પહેરી અલકમલકની વાતો કરતા ઘેર ગયા.

: ૨૫ :

# મૂરખલાલ પરમેશ્વરની ભૂલ કાઢે છે

વળી એક દિવસ હીરો ને મૂરખ ફરવા નીકળ્યા હતા. ફરતા ફરતા તેઓ રાણીસર તળાવ પાસે આવી પહોંચ્યા. સાંજનો સમય હતો. આથમતા સૂરજનું લાલ અજવાળું વાદળાંમાંથી પાછું ફેંકાઇને તળાવની ઉપર પડતું હતું. ને બરાબર સામે પૂર્વના આકાશમાં રૂપાની થાળી જેવો ચંદ્રમા ઉગ્યો હતો. ને ધીમે ધીમે હસવાનું કરતો હતો. તળાવને કાંઠે ઉભેલાં ઝાડો પાણીમાં મોં જોઇને ખુશ થતાં હતાં.

દેખાવ બહુ મજાનો હતો. જોઈને બંને દોસ્તો ખુશ ખૂશ થયા. તળાવની પાળે એક વડનું ઝાડ હતું તેને નવાં કુણાં પાદડાં બેઠાં હતાં. એક પાદડું તોડી હીરાએ ગાલે ઘસ્યું. સૂંઘ્યું. ને પછી તળાવના પાણીમાં નાખ્યું. એ જોઇ મૂરખ બોલી ઉઠયો : 'હા હા હા ! ભગવાને દુનિયા બનાવવાની આટલી બધી ઉપાધિ વ્હોરી. પણ એમાં જરા કસર રહી ગઇ !'

'કસર શાની દોસ્ત ?' હીરાએ પૂછયું.

મૂરખે કહ્યું : 'કસર કેમ નહિ ? જો, આ વડ બનાવ્યો એતો જાણે ઠીક પણ એને આવા ઝીણા ટેટા

કર્યા, એને બદલે જો પાશેર પાશેરના લાડુ કર્યા હોત તો શું ખોટું હતું ! આવાં જાડાં પાંદડાં કરવામાં વખત બગાડયો ! એને બદલે માલપુડા જ કરી નાખ્યા હોત અને આ તળાવમાં પાણીને બદલે ખીર ભરી હોત તો આહ ! શું મજા પડત ! હું એક હાથે લાડુ ખાત, ને બીજે હાથે ખીર માલપુડા ખાત !'

હીરાએ વિચાર કરી કહ્યું : 'એમ બે હાથે બધું ઉડાવવા માંડીએ તો વહેલી ભીખ માગવી પડે ! માટે પહેલાં ખીર ખાવી પછી ખાવા માલપુડા, ને પછી લાડુ—રોજ કકડો કકડો ખાવો'.

મૂરખે તિરસ્કાર કરી કહ્યું : 'છટ ! કકડો કકડો શા સારૂ ખાય ! કંઈ તારા બાપના લાડુ છે ! તમે વાણિયા લોકો પોતે ખાઓ નહિ, ને બીજાને ખાવા દો નહિ !'

હીરાએ ગુસ્સે થઈ કહ્યું; 'અરે, પચ્છમ બુદ્ધિ બામણા ! વખત કેવો આવ્યો છે એનો તો જરા વિચાર કરી જો ! આજે સગા દીકરાનોયે ભરોંસો રખાય એવું નથી ! માટે પાઈ પૈસો બચાવેલો હશે તો કોક દિવસ કામનો છે !'

મૂરખે કહ્યું : 'તો તું બચાવજે, હું ખાઈશ !'

હીરાએ કહ્યું : 'જા રે જા ! હું બચાવું ને તું ખાય? હું તો તને ઉભોજ ન રાખું !'

મૂરખે કહ્યું : 'હું આ ઉભો ! જોઉં, તું મને કેવો ઉભો નથી રાખતો !'

હીરો ઝાડની નીચે બેઠેલો હતો. બેઠાં બેઠાં તેણે મૂરખનો હાથ ખેંચી તેને બેસાડવાનો પ્રયત્ન કર્યો. સામા મૂરખે તેને ઉભો કરવાનો પ્રયત્ન કર્યો. એમ કરતાં બંને જણ તળાવની પાળ પરથી ગબડી પડયા ને પાણીમાં જઇને પડયા.

કિનારા પર બહુ પાણી ન હતું, પણ તેમનાં કપડાં બધાં પલળી ગયાં. ભીને કપડે બહાર નીકળી મૂરખે પંચીયાની પાટલી નીચોવી પાણીનો ઘુંટડો ભર્યો. પણ એકદમ થુ થુ કરી પાણી કાઢી નાખીને બોલ્યો : 'અરરર ! મારી ખીર આવી કેમ થઇ ગઇ ?'

હીરાએ પણ તેવી રીતે પાણી નીચોવી ચાખી જોઇને કહ્યું : 'અરે બામણા. તે એમાં મીઠું વધારે નાખી દીધું છે ! તારોજ બધો વાંક છે !'

વળી પાછા બંને જણ બાઝાબાઝી પર આવી ગયા.

આવી રીતે હીરો ને મૂરખ ઘણી વખત લડી પડતા. પણ એથી એમની દોસ્તીને કશી હરકત આવતી ન હતી. લડતાં લડી પડતા. પણ લડવાનું શરૂ થયા પછી તરતજ ભૂલી જતા કે અમે શા માટે લડીએ છીએ. અને લડી રહ્યા પછી તો, અમે લડયા હતા એજ તેઓ ભૂલી જતા !

: ૨૬ :

# મૂરખલાલ હાથીની પરીક્ષા કરે છે.

એક દિવસ હીરો ને મૂરખ બજારમાં થઇને જતા હતા. એટલામાં એમણે કોઇ પરદેશીને હાથી વેચવા આવેલો જોયો.

બંને જણા હાથીને ધારી ધારીને જોવા લાગ્યા. માલિકને થયું કે આ બે જણ હાથી પારખુ લાગે છે. તેથી તેણે કહ્યું: 'શેઠ, હાથી બહુ શાણો છે. તમારી ડેલીએ શોભે એવો છે!'

બંને જણે આ સાંભળી માથુ હલાવ્યું. વેપારીને થયું કે હવે મારો હાથી વેચાવાનો.

તેણે કહ્યું; 'પણ શેઠ હું હાથીની કિંમત પુરી લેવાનો છું!'

મૂરખે કહ્યું; 'અધુરી લેવાનું કંઇ કારણ નથી કેમ ખરું ને?' આમ કહી એણે હીરાની સામે જોયું.

હીરાએ માથું હલાવી હા કહી.

આ જોઇ વેપારી ખુશ થયો. તેને ખાતરી થઇ ગઇ કે બે જણે મારા હાથીની ખરેખરી પરીક્ષા કરી જોઇ છે.

પછી તે બોલ્યો; 'પૂરા એક લાખ રૂપિયા લેવા છે!'

મૂરખ બોલ્યો : 'બસ ?'

વેપારીને પસ્તાવો થયો કે મેં આટલી કિંમત કયાં કહી. પણ હવે પોતે કિંમત વધારે તો ખરાબ દેખાય, તેથી તેણે કહ્યું; 'વધારે તો તમે આપો તે, લાખ આપો, સવા લાખ આપો—'

તરત હીરો બોલી ઉઠયો; 'હું સવા લાખ કહું છું!'

એ સાંભળી મૂરખને પાનો ચડયો : 'હું દોઢ લાખ કહું છું ?'

વેપારી ખુશખુશ થઇ ગયો, અને ઘેરથી હું કોનુ મોં જોઇને નીકળ્યો છું, તેનો તે વિચાર કરવા લાગ્યો.

એટલામાં હીરો બોલ્યો : 'છટ્! હું પોણા બે લાખ કહું છું!'

તરત મૂરખ બોલ્યો; 'હું બે લાખ કહું છું! આ કંઇ જેવો તેવો હાથી છે!'

આખરે પોતાના હાથીની કિંમત કરનારા નીકળ્યા ખરા, એ જોઇને વેપારીની છાતી ફુલાતી હતી. તે બોલ્યો : 'શેઠિયાઓ. આવા હાથીનું તો જે આપો તે ઓછું! બે લાખ રૂપિયાના તો એકલા એના દંતુ-ળશ છે'!


મૂરખે એમાં પૂરવણી કરતાં કહ્યું: ‘ અને અઢી લાખની તો તેની પૂંછડી છે ! ’

એ સાંભળી તરત હીરો ગાજ્યો : ‘ તું અઢી કહે છે, હું સવાબે કહું છું !

મૂરખ બોલી ઉઠયો : ‘ તને એકલાને શું કીંમત ઓછી કરતાં આવડે છે ? આ મૂછાળાને પણ આવડે છે હોં ! હું બે લાખ કહું છું ! ’

એ સાંભળી હીરો બોલ્યો: ‘ હું પોણા બે લાખ કહું છું.’

તરત મૂરખ બોલ્યો: ‘ હું દોઢ લાખ કહું છું ! ’



હીરો બોલ્યો: ' હું સવાલાખ કહું છું.'

મૂરખ બોલ્યો: 'હું લાખ કહું છું !'

હીરો બોલ્યો—'હું..........'

એકદમ હાથીનો ભાવ ગગડી ગયો જોઇ વેપારી ગભરાઇ ગયો. તે બોલી ઉઠયો; બસ ! બસ ! મારા શેઠીયાઓ ! હવે ભાવ ઉતારશો નહિ !'

પણ હીરો એમ થોભે એવો નહતો. એ બોલી ઉઠયો: 'હું પચાસ હજાર કહું છું !'

મૂરખ એકદમ બોલી ઉઠયો; 'હું વીસ હજાર કહું છું !'

હીરો તરત બોલ્યો : ' હું પાંચ હજાર કહું છું !'

મૂરખ બોલ્યો : ' હું પાંચસો કહું છું !'

હીરો બોલ્યો : 'હું પાંચ કહું છું !'

મૂરખ બોલ્યો : 'હું મફત કહું છું !'

વેપારી આભો બની ગયો. એની આંખો ફાટી ગઇ. તેના ગળામાંથી અવાજ નીકળી પડયો! 'હેં ! મફત !'

મૂરખ બોલ્યો: ' હા, મફત ! એકવાર નહિ, પણ બે વાર મફત !'

હીરો બોલ્યો : ‘ પચાસ વાર મફત ! ’

વેપારી બેની વચમાં આવી ઉભો, ને બંનેની સામે હાથ જોડી બોલ્યો : ‘ હવે બોલશો નહિ શેઠિયાઓ, મારો હાથી વગોવાઇ જશે ! ’

મૂરખ બોલી ઉઠયો; ‘ વગોવાવામાં હવે શું બાકી છે ! તારો હાથી બિલકુલ નકામો છે ! ’

વેપારીને ધ્રાસકો પડયો. તે બોલ્યો : ‘હેં ! બિલકુલ નકામો ! એવડી મોટી શી ખોડ જોઇ એનામાં !’

મૂરખ કહે : ‘ખોડનું પૂછો છો ? અલ્યા હીરા કહીદે બોલી નાખ !’

હીરો કહે–‘તું જ બોલી નાખ !’

મૂરખ કહે–‘કહું !’

હીરો કહે–‘કહી દે. હવે શરમ રાખવાની જરૂર નથી !’

મૂરખે ઠાવકા બની વેપારીને કહ્યું : ‘જો સાંભળ, તારો હાથી તદ્દન નકામ્મો છે ! એને જનમારાની ખોડ છે એને બે પૂંછડીઓ છે ! એ મોંએ ખાય છે કે ગુદાએ ખાય છે. એની સમજ પડતી નથી !’

આમ કહી બંનેએ ચાલવા માંડયું.

આ સાંભળી વેપારી એકદમ સડક થઇ ગયો ? એના હાથીપારખુઓ તો ખરા નીકળ્યા !

# મૂરખલાલ બાવાજી પાસે વાઘ માગે છે.

એક દિવસ હીરાએ મૂરખને કહ્યું : ' ગેબીનાથ મહાદેવમાં એક બાવાજી આવ્યા છે! દર્શન કર્યા ?'

મૂરખે કહ્યું : ' ના ! '

હીરાએ કહ્યું : ' તો તારો અડધો અવતાર એળે ગયો ! આ કંઈ જેવાતેવા બાવાજી નથી. ભારે સિધ્ધ પુરુષ છે. દિવસે માણસ અને રાતે વાઘ બની જાય છે ! એમની સેવા કરી કોક દહાડો કામની છે ! '

મૂરખે કહ્યું : 'તો હું એ આવું તારી સાથે. આપણે બેય જણ એમની સેવા કરીએ. એમ કરતાં એક દિવસ એ આપણા ઉપર પ્રસન્ન થશે. ને કહેશે–માગ ! માગ ! બચ્ચા ! માગે તે આપું !

હીરાએ કહયું : ' પછી હું આમ પગમાં પડી, હાથ જોડીને કહીશ, બાપજી ! તમે મારા પર ખુશ થયા હો તો મને એક ભેંસ આપો !'

આમ કહી હીરો મૂરખના પગમાં પડયો !

મૂરખે કહયું. ' ભેંસને લઇને શું કરીશ તું ?'

હીરાએ કહ્યું: ' બાપજી મને એક ભેંસ આપશે. એ ભેંસ મને ટંકનું અધમણ અધમણ દૂધ આપશે એ દૂધનું હું ઘી કરીશ. ઘીના મને ખોબેખોબા રૂપિયા મળશે ! ને આખું ગામ મારે ઘેર છાશ લેવા આવશે ! હું જોતજોતામાં પૈસાદાર બની જઈશ ! પછી લોકો મને હીરાશા શેઠ કહેશે. ભલભલા શેઠની છોકરીઓનાં હીરાશા શેઠને ઘેર માગાં આવશે. પણ હું કહીશ–ના, ઓલીમાં આ ખોડ છે; પેલીમાં એ ખોડ છે ! છેવટે પેલો ઓઘડ શેઠિયો મારે ઘેર આવી પાઘડી ઉતારીને કરગરશે, ત્યારે હું દયા કરીને એની દીકરીને પરણીશ. ધામધૂમથી મારાં લગ્ન થશે. શેઠાણી હીંચકા પર બેસીને પાન ખાશે. ને પિચકારીઓ મારશે. હું એનું આખું શરીર સોનારૂપાથી મઢી દઈશ. કાનમાં હીરાનાં લવિંગિયાં, ને નાકમાં હીરાની જડ–પણ એનાં પિયરિયાં મારે ઘેર છાશ લેવા આવશે તો ચાંગળું છાશ પણ હું દેવાનો નહિ, એ તને કહી દીધું !

મૂરખે કહ્યું : 'એટલા બધા કાઠા ન થવાય મારાથી!'

હીરાએ કહ્યું: 'તે તને કોણ કહે છે કાઠા થવાનું? તું તારે મારા છોકરાનું ઘોડિયું હીંચોળ્યા કરજે, ને શેઠાણીને પાનપટી બનાવી આપજે ! ઘરનો માણસ જાણી તને આઠ આના પગારમાં વધારે આપીશ–ખાવું-પીવું ને લુગડાંલતાં મફત ! પછી શું જોઈએ તારે ?'

મૂરખને ખોટું લાગ્યું. તેણે કહ્યું : 'હું તારો નોકર નહિ થવાનો! બાવાજી તને ભેંસ આપશે તો હું, બાવાજીને કહીશ કે મને.........'

હીરાએ કહ્યું : 'શું મને? માગવા જેવું તો મેં માગી લીધું. પછી તું શું માગવાનો?'

મૂરખે કહ્યું : 'હું બાવાજી પાસે વાઘ માગીશ!'

હીરાએ કહ્યું : 'વાઘ! વાઘ શું કરવા?'

મૂરખે ખિજાઈને કહ્યું! 'શું કરવા તે તારી ભેંસને ખાઈ જવા!


હીરાનો પિત્તો ગયો. તેણે બૂમ પાડી–'તારો વાઘ મારી ભેંસને ખાઈ જાય એમ!'

મૂરખે કહ્યું : 'તો વાઘ કોનું નામ? ભેંસને પણ ખાઈ જાય, ને તને પણ ખાઈ જાય. મારો વાઘ તારા ભેંસના કે તારા, કોઈના માથા પર એક શિંગડુ સુદ્ધાં નહિ રહેવા દે. તું જોજે તો ખરો!'

હીરાએ ગુસ્સામાં કહ્યું : 'હવે જોયો તારો વાઘ, ને જોયો તને!'

મૂરખે કહ્યું : 'તો જોજે બચ્ચા!'

તરત હીરાએ કૂદીને એક લાફો મૂરખના ગાલ પર લગાવી દીધો.



તરત હીરાએ કૂદીને એક લાફો મૂરખના ગાલપર લગાવી દીધો.

મૂરખે સામો એવો જ જવાબ દીધો. બંને જણ ખરેખરા બાઝાબાઝી પર આવી ગયા ! લોકોનું ટોળું જોવા ભેગું થઈ ગયું. કેટલા માણસો વચમાં પડ્યા, ત્યારે આ બંને લડતા રહ્યા.

# મૂરખલાલ ઘોડાની ચોકી કરે છે.

એકવાર મગલાશા શેઠ મૂરખને સાથે લઇને પર-ગામ ઉઘરાણીએ નીકળ્યા હતા. ફરતાં ફરતાં કોઈ ગામની ધર્મશાળામાં તેમણે રાતવાસો કર્યો. ગામડુ ગામ એટલે ચારે તરફ ખુલ્લુ ! ચોર લુટારાની બીક પણ ખરી.

સાંજે વાળુ કરીને સૂતી વખતે મગલાશા શેઠે મૂર-ખને કહ્યું : 'પણે લીમડાના ઝાડે આપણો ઘોડો બાંધ્યો છે. સરત રાખજે ! ઉંઘવા રહીશ તો કોઈ છોડી જશે !'

મૂરખ કહે– 'હું ઉંઘુ ? રામ રામ કરો !'

મગલાશા શેઠે કહ્યું : 'બરાબર ધ્યાન રાખજે ! અહીં ચોર લુટારાનો ભો ગણાય છે.'

મૂરખ કહે– 'એમાં મને કાંઈ કહેવુ નહિ પડે !'

મગલાશા શેઠ પથારી કરી, માથે મોઢે ઓઢીને આરામથી સૂતા. મૂરખલાલ બહાર ઓસરીમાં ઘોડાના સામાનનો તકિયો કરી આડો પડયો. ઊંઘી ન જવાય માટે એણે પથારી કરી નહિ.

પણ મગલાશા શેઠને જંપ વળ્યો નહિ કલાક બે કલાક થયા ન થયા ને એ ઉઠયા. બહાર આવીને જુએ તો મૂરખ તકિયે પડીને ઝોકા ખાતો હતો.

મગલાશા શેઠે માથામાં ટકોરા મારી એને જગાડયો. ને કહ્યું: ' એટલામાં ઊંધી ગયો ? આવી રીતે ઘોડાની સંભાળ રાખે છે, કેમ ?

મૂરખે તરત આંખો ચોળી, ખબરદાર બની જવાબ દીધો: ' હું કંઇ ઉંઘતો નથી, શેઠ ! હું તો જરા વિચાર કરતો હતો.'

મગલાશા શેઠે કહ્યું: ' વિચાર કરતો હતો ? શું વિચાર કરતો હતો ? '

મૂરખે ઠાવકાઇથી કહ્યું : ' હું વિચાર કરતો હતો કે બકરી ખાય છે ઝાડનાં પાંદડાં, અને કાઢે છે લીંડીઓ ! તો એના પેટમાં એ ગોળ ગોળ લીંડીઓ કોણ વાળતું હશે ? '

શેઠને હસવું આવ્યું. તેમણે કહ્યું : ' હવે રહેવા દે આવા વિચાર કરવા ! ઘોડા પર નજર રાખ ! '

મૂરખે કહ્યું : ' શેઠ, ઘોડા પર નજર રાખવાની વાત કબૂલ છે, પણ વિચાર કર્યા વગર મારાથી નહિ

રહેવાય. મારા બાપા મરતી વખતે મને કહેતા ગયા છે કે હરેક કામ વિચાર કરીને કરવું !'

શેઠે કહ્યું : ' ઠીક, ભાઈ! તો વિચાર કર ! પણ મારા ઘોડાની સરત રાખજે !'

મૂરખે કહ્યું. ' એમાં મને કાંઇ કહેવું નહિ પડે ! '

ફરી શેઠ અંદર જઇને સૂઈ ગયા. વળી કલાક બે કલાક ગયા હશે. ને શેઠ ઝબકીને જાગી ગયા. બહાર આવીને જુએ તો મૂરખલાલ તકિયે પડીને ઝોકાં ખાતો હતો !

શેઠે માથામાં ટકોરા મારીને એને જગાડયો, ને કહ્યું : ' કેમ અલ્યા, ઊંઘ આવે છે ? '

મૂરખે તરત આંખો ચોળી ઘોડા સામે નજર કરી લઈ કહ્યું :' નારે શેઠ! હું ઊંઘું ? હું તો જરા વિચાર કરતો હતો !'

શેઠે કહ્યું :' વિચાર કરતો હતો ? શું વિચાર કરતો હતો, ભલા ?'

મૂરખે કહ્યું : 'હું વિચાર કરતો હતો કે માથાપર આ આભાલાનુ છાપરું બાંધ્યુ છે તો એને કોઇ ઠેકાણે થાંભલા બાંભલા મેલ્યા હશે કે એમને એમ જડી દીધું હશે ?'

શેઠ બોલી ઉઠયા : 'આ બાપ ? તું તો જબરો વિચાર કરનારો પાકયો !'

મૂરખે કહ્યું : 'મારા બાપા મને મરતી વખતે....'

શેઠ વચમાં બોલી ઉઠયા-'હવે રાખ, પણ તારે વિચાર કર્યા કરવા છે કે ઘોડાની સરત રાખવી છે ?'

મૂરખે કહ્યું : 'એતો રાખુંજ છું ને ? દેખો પેલો રહ્યો ઘોડો ! આ રહ્યો સામાન ! આ હું, ને આ તમે ! ચારે ઠેકાણે છીએ ?'


શેઠે કહ્યું : 'ઠીક, ભાઇ ! મારે તો એટલું કહેવાનું તું જરા ઘોડાની સરત રાખજે !

મૂરખે કહ્યું : 'એમાં મને કાંઇ કહેવું નહિ પડે !' ફરી શેઠ અંદર જઇને સુઇ ગયા.

પણ મગલાશા શેઠને ઉંઘ ન આવી. વળી કલાક બે કલાક રહીને એ ઝબકીને જાગી ગયા. બહાર આવીને જુએ તો મૂરખ તકિયે પડયો પડયો ઝોકાં ખાતો હતો.

મગલાશા શેઠે તેના માથામાં જોરથી ટકોરા મારી તેને જગાડયો.

પછી કહ્યું : 'તું તે ઊંઘે છે કે ઘોડાની સરત રાખે છે ?'



જાગી ઉઠી આંખો ચોળી, ઘોડા તરફ નજર નાખી લઈ મૂરખે બાહોશથી જવાબ દીધો : 'જી ઉંઘતો નથી, એ તો જરા વિચાર કરતો હતો !'

શેઠે નવાઇ પામી કહ્યું : 'વળી પાછો વિચાર ? શું વિચાર કરતો હતો ?'

મૂરખે કહ્યું ' હું વિચાર કરતો હતો કે આભલામાં આટલા બધા તારા વેરી મેલ્યા છે તે પરમેશ્વરને ઘેર એનો કાંઇ હિસાબ ખતાબ કોઈ ચોપડે હશે ખરો ? કે પછી બધું પોલંપોલ ચાલે છે ?'

શેઠે ચિડાઇને કહ્યું: 'પરમેશ્વરના ઘરની ચિંતા કર્યા વગર તું તારા ઘરની ચિંતા કરને? પડયો પડયો ઘોડા પર નજર રાખ!'

મૂરખે કહ્યું: કોણે કહ્યું 'હું નજર નથી રાખતો? પણ ઘોડા છે, અહીં સામાન છે. આ હું છું આ તમે છો– ચારે ઠેકાણે છે. બોલો, છે કે નહિ!'

શેઠે કહ્યું 'છે, પણ અડધી રાતે આવા વિચારો કરવા સારા નહિ!'

મૂરખે કહ્યું: 'મારા બાપા મરતી વખતે...'

શેઠે અધિરાઈથી કહ્યું! 'હવે જાણ્યું તારું ડહાપણ– ઘોડા પર નજર રાખ એટલે થયું!'

મૂરખે કહ્યું: 'એમાં મને કાંઇ કહેવું નહિ પડે!'

ફરી શેઠ અંદર જઇને સૂઈ ગયા.

પણ શેઠને ઊંઘ આવી નહીં. વળી કલાક બે કલાક રહીને એમની આંખો ઊઘડી ગઈ. એ આંખો ચોળતા બહાર આવ્યા. જુએ તો મૂરખ–તકિયે પડયો પડયો ઝોકાં ખાતો હતો.

જોરથી મુરખના માથામાં બે ટકોરા મારી, તેમણે જગાડી દીધો ને કહ્યું: 'જાગવાનું કહ્યું ત્યારે ઊંઘે છે?'

આંખો ચોળતા ચોળતા મૂરખલાલે કહ્યું: 'જી, ઊંઘતો નથી, વિચાર કરું છું.'

શેઠે ચિડાઈને કહ્યું: 'વળી શા વિચાર કરે છે?'

મૂરખલાલે ઠરેલપણે કહ્યું: 'હું વિચાર કરું છું કે નખોદિયો ઘોડાને તો લઈ ગયો, પણ સામાન બધો અહીં મેલી ગયો! તે કાલે આ સામાન કોણ માથે મેલશે? તમે કે હું?'

શેઠને એકદમ ફાળ પડી સામે નજર કરી તો ખરેખર ઘોડો ગૂમ થયેલો હતો!

શેઠનો પિત્તો ગયો તેમણે મૂરખને ઉધડો લીધો— 'હરામખોર! તને જાગવાનું કહયું. ત્યારે ઊંઘી ગયો!'

મૂરખે શાન્તિથી કહયું: 'જી, હું નહોતો ઊંઘી ગયો, હું જાગતો હતો. મેં એને પૂછયું પણ ખરું, કે કેમ ભાઈ? ઘોડાનું શું કામ પડયું?'

શેઠે તડૂકીને કહયું: 'તો તેં એને રોકયો કેમ નહી? તેં બૂમ કેમ ન પાડી'

મૂરખ કહે—'મારી વાત તો પૂરી સાંભળો! એ કહે—હું ઘોડાનો સવાર છું! આમ કહી એ ઘોડા પર સવાર થઈ ગયો પછી મેં કહયું અલ્યા; મારો ઘોડો કયાં

લઈ જાય છે? ત્યારે એ કહે – હું તારા ઘોડાને નથી લઈ જતો તારો ઘોડો મને લઈ જાય છે! કયાં લઈ જાય છે તેની મને ખબર નથી?

એની વાત તો સાવ સાચી હતી, શેઠ! એ તો માત્ર ઘોડા ઉપર બેઠો હતો, ને ઘોડો ચારે પગે ચાલતો હતો!'

શેઠ આભા બની બધો વૃતાંત સાંભળી રહ્યા મૂરખને શું કહીને ઠપકો આપવો તેની તેમને સમજ પડતી ન હોતી.

પછી મૂરખે કહ્યું: 'શેઠ, ત્યારનો હું વિચાર કરું છું કે આ સામાન હવે કોણ ઉપાડશે—તમે કે હું?

કંઇ પણ બોલ્યા વગર શેઠ અંદર જઇને સૂઇ ગયા.

બીજે દીવસે મૂરખના માથે સામાન ઉપડાવી શેઠ પણ ઘેર આવ્યા!

# મૂરખલાલ ગધેડાં ગણે છે.

એક દિવસ મૂરખલાલ, છાલકામાં મગલાશા શેઠનો માલ ભરાવવા, ખુશાલ ઓઝાનો સાથે નવ ગધેડાં લઇને ગામ જતો હતો. રસ્તામાં ખુશાલ ઓઝાની સાસરી આવતી હતી. ખુશાલ જરા સાળીઓને મળવા ગયો. પણ સાળીઓને એટલું હેત કે એમણે એને ત્યાંથી નીકળવાજ ન દીધો.

પણ મૂરખે કહ્યું : 'હું તો જવાનો ! આજને આજ છાલકાં ભરાવીને મારે પાછું વળવું છે.

ખુશાલે કહ્યું : 'હવે એકરાત રહી જાઓનેમહારાજ ભાવતાં ભોજન કરાવીશું .'

પણ મૂરખ કહે–ના, ના, નેના ! શેઠનું લુણ ખાઉં ધૂળ નથી ખાતો ! કામ કરવું તો ખંતથી કરવું.'


ખુશાલે નિરાશ થઇ કહ્યું : 'તો શું થાય ? સાળીઓ મને નીકળવા દેતી નથી !'

મૂરખને દયા આવી. તેણે કહ્યું : 'તો એમ કરો ! હું ગધેડાં લઇને ચાલતો થાઉં છું સવારના પહોરમાં તમે આવી પહોંચજો ?'

ખુશાલે ખુશ થઈ કહ્યું: 'આહ' બામણાના કોઠામાં કેવી દયા માયા છે!'

નવ ગધેડાં લઈને મૂરખ આગળ ચાલ્યો. અડધે ગાઉ ગયા પછી તેને થયું: 'નવ નવ ટટ્ટુ છતાં હું શું કરવા ટાંટિયા તોડું? ખુશાલ સવારી કરતો હતો. તો મને કરવામાં શો વાંધો છે?'

**આમ વિચાર કરી એ એક ગધેડા પર સવાર થઈ ગયો, ને ડચ ડચ ડચ કરતો ગધેડું હાંકવા લાગ્યો.**



થોડે ગયા પછી એને થયું: લાવ, ગધેડા ગણી જોઉં! પૂરાં નવ છે કે નહિ!

ગધેડા પર બેઠાં બેઠાં, આંગળી વડે એણે ગધેડાં ગણવાં માંડ્યાં : એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ... .... ....

'અરે આતો આઠ થયાં ! નવમું ક્યાં ગયું ?'

તેણે આગળ જોયું, પાછળ જોયું, આમ જોયું તેમ જોયું, પણ નવમુ ગધેડું ક્યાંય દેખાયું નહિ તેને નવાઈ લાગી, તેણે ફરી ગધેડાં ગણી જોયાં- એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત અને આઠ ! બસ આઠ જ થયાં !

વખતે નવમું ગધેડું પાછળ રહી ગયું હોય એમ સમજી તેણે બધાંયે ગધેડાંને પાછાં વાળ્યાં.

એટલામાં એક માણસ પગે ચાલીને આવતો તેને સામો મળ્યો.

માણસને જોઈ મૂરખે પૂછ્યું : 'મારું કોઈ ગધેડું જોયું ?'

માણસે કહ્યું : 'ના ભાઈ ! ગધેડું ખોવાય છે શું ?'

મૂરખે કહ્યું : 'હા, એક ગધેડું ખોવાય છે. હું નવ ગધેડાં લઈને, નીકળ્યો હતો, ને હવે આઠ થાય છે.

આમ કહી એણે ગધેડા પર બેઠાં બેઠાં ગધેડાં ગણી બતાવ્યાં, એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ·

વાત એમ હતી કે પોતે જે ગધેડા પર બેઠો હતો તેને એ ગણતોજ નહોતો. આથી એક ગધેડું ઓછું થતું હતું.

માણસ એ સમજી ગયો. તેણે હસીને કહ્યું : 'હું તમારાં નવે નવ ગધેડાં પૂરાં કરી આપું તો શું આપશો?'

મૂરખ એકદમ ઉત્સવમાં આવી બોલી ઉઠયો : 'ઇનામ.'

માણસે કહયું : 'ઠીક તો તમે અહીં મારી પડખે ઉભા રહો–હું નવેનવ ગધેડા તમારી સામે હાજર કરી દઉં છું !'

મૂરખે નવાઈ પામી કહયું : 'વાહ ! તમે જાદુગર તો નથી ?'

માણસે કહયું : 'ના, હું જાદુગર નથી, પણ તમારો નવમો ગધેડો જાદુઈ છે'

પછી, મૂરખને ગધેડા પરથી નીચે ઉતારી, માણસે તેને પોતાની પાસે ઉભો રાખી, ગધેડાં ગણાવવા માંડયાં ને મૂરખે ગધેડાં ગણવા માંડયાં : એક. બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત. આઠ, નવ !'

તે ખુશખુશ થઈ બોલી ઉઠયો : 'ઓહ ! નવ ગધેડાં થઇ ગયાં ! પૂરેપૂરાં નવ થઇ ગયાં !'

માણસે કહ્યું : 'નવમો ગધેડો કેવો જાદુઈ છે તે જોયું ને ! પણ મારી આગળ એનો જાદુ ચાલતો નથી !'

મૂરખે ઠાવકા બની કહ્યું: 'તે એવો જાદુઈ ગધેડો મારે નહિ જોઈએ. લઈ જાઓ. હું એ તમને ઈનામમાં આપી દઉં છું !'

માણસે નવમો ગધેડો લઈ લીધો. પછી મૂરખને કહ્યું : 'હવે તમારાં આઠેઆઠ ગધેડાં ગણી લો—એટલે હું છૂટો પડું ?'

મૂરખે આઠ ગધેડાં ગણી લીધાં. પછી એક ગધેડા પર સવાર થઈ એણે આગળ ચાલવા માંડયું.

થોડેક ગયા પછી વળી ગધેડાપર બેઠાંબેઠા તેણે ગધેડાની ગણતરી કરી જોઈ. આ વખતે પણ એ પોતાના ગધેડાને ગણવાનું ભૂલી ગયો. તેથી ગધેડાં થયાં સાત! એણે ફરી ગણતરી કરી જોઈ, પણ ગધેડાં સાતનાં સાત થયાં ! એને નવાઈ લાગી કે વળી એક ગધેડું ક્યાં ગયું ? વખતે પાછળ રહી ગયું હોય એમ સમજી તેણે બધાં ગધેડાંને પાછાં વાળ્યાં, તો થોડીવારમાં પેલો જ માણસ તેને સામો મળ્યો. એ માણસની પાસે એક ગધેડું જોઈ મૂરખને નવાઈ લાગી !

માણસે કહ્યું : 'કેમ ભાઈ, પાછું શું થયું ?'

મૂરખે કહ્યું : 'અરે દોસ્ત ! શું વાત કહું ! આઠ ગધેડાં પૂરેપૂરાં હતાં, પણ હવે ગણું છું તો સાત થાય છે!'

આમ કહી, એણે ફરી ગધેડાં ગણ્યાં, તો સાત થયાં!

માણસે કહ્યું : 'ઓહ ! આઠમું ગધેડું જાદુઈ છે. બોલો, હું એ શોધી આપું તો તમે મને શું આપશો.'

મૂરખે તરત કહ્યું : 'તો એ તમારું !'

ફરી માણસે મૂરખને ગધેડા પરથી નીચે ઉતારી પોતાની પાસે ઉભો રાખી ગધેડાં ગણાવ્યાં. આ વખતે બરાબર આઠ ગધેડાં થયાં ! મૂરખે ખૂશ થઈ આઠમું ગધેડું માણસને ઇનામમાં આપી દીધું !

પછી સાત ગણી જોઇ. એક ગધેડાપર સવાર થઇ એ આગળ ચાલ્યો. વળી થોડેક દૂર ગયા પછી એણે ગધેડાપર બેઠાં બેઠાં જ ગધેડાં ગણ્યાં, તો માત્ર છ થયાં ! એને નવાઇ લાગી. વળી તે પાછો ફર્યો. વળી પેલો માણસ તેને સામે મળ્યો. આ વખતે એ માણસની પાસે બે ગધેડાં જોઇ મૂરખને વધારે નવાઇ લાગી.

મૂરખે એ કહ્યું : 'પાછું એક ગધેડું ખૂટે છે ! '

માણસે હસીને કહ્યું : 'વાત ખરી છે તમારું સાતમું ગધેડું જાદુઇ છે !'

મૂરખે કહ્યું : 'તો કાઢી નાખોને એનો જાદુ !'

માણસે ફરી ગધેડા પરથી તેને નીચે ઉતારી, પોતાની પાસે ઉભો રાખી કહ્યું : 'હવે ગધેડાં ગણી જાઓ !'

મૂરખે ગધેડાં ગણ્યાં તો પૂરેપૂરાં ને આખેઆખાં સાત ! તે ખુશ થઇ ગયો. તેણે સાતમું જાદુઈ ગધેડું માણસને ઇનામમાં આપી દીધું.

પછી છ ગધેડાં ગણી જોઇ, એક ગધેડા પર સવાર થઇ મૂરખ આગળ ચાલ્યો. પણ થોડેક ગયા પછી તેણે ગધેડાં ગણ્યાં તો માત્ર પાંચ ! વળી તે પાછો ફર્યો.

વળી પેલો માણસ તેને સામો મળ્યો. પછી આ વખ-તે એ માણસની પાસે ત્રણ ગધેડાં જોઈ મૂરખને નવાઇ લાગી ! માણસે કહ્યું, 'તમારું છઠ્ઠું ગધેડું જાદુઈ છે; પણ જો જો, હું ઘડીકમાં એનો જાદુ કાઢી નાખું છું.

આમ કહી એણે મૂરખને ગધેડાં પરથી નીચે ઉતારી ગધેડાં ગણાવ્યાં. તો બરાબર છ થયાં ! મૂરખે ખુશ થઇ છઠ્ઠું 'જાદુઈ ગધેડું' તેને ઇનામમાં આપી દીધું!

પછી પાંચ ગધેડાં ગણી જોઇ એક ગધેડા પર સવાર થઇ મૂરખ આગળ ચાલ્યો. પણ થોડેક ગયા પછી એણે ફરી ગધેડા ગણી જોયાં તો પણ માત્ર થયાં ચાર ! વળી તે પાછો ફર્યો.

વળી પેલો માણુસ તેને મળ્યો. આ વખતે એ માણુસની પાસે ચાર ગધેડાં જોઇ મૂરખને નવાઇ લાગી. માણસે કહ્યું : 'આ ગધેડાં આજે તમને પજવવા બેઠાં છે.!'

મૂરખે કહ્યું : 'પણ હું એમ ક્યાં હારું એવો છું ! જોજોને એમનો જાદુ કાઢી નાખું છું કે નહિ !'

માણસે કહ્યું : 'એમાં તમને કંઇ કહેવું પડે એમ નથી !'

આમ કહી તેણે મૂરખને ગધેડા પરથી નીચે ઉતારી ગધેડાં ગણી બતાવ્યાં ! તો બરાબર પાંચ થયાં.

મૂરખે ખુશ થઈ પાંચમુ ગધેડું માણસને ઇનામમાં આપી દીધું.

પછી ચાર ગધેડાં ગણી જોઇ, એક ગધેડા પર સવાર થઇ મૂરખ આગળ ચાલ્યો. પણ થોડેક ગયા પછી એણે ગધેડાં ગણી જોયાં તો માત્ર ત્રણ !

વળી તે પાછો ફર્યો. વળી તેને પેલો માણુસ મળ્યો. આ વખતે એની પાસે પાંચ ગધેડાં હતાં ! મૂરખે તેને કહ્યું ' વળી મારો ચોથો ગધેડો જાદુઇ બની ગયો છે ! '

માણસે કહ્યું; ' હમણાં એનો જાદુ કાઢી નાંખું ! '

આમ કહી એણે મૂરખને ગધેડાં પરથી ઉતારીને ગધેડાં ગણાવ્યાં તો બરાબર ચાર થયાં.

મૂરખે ખૂશ થઇ ચોથું ગધેડુ માણુસને ઇનામમાં દઇ દીધું.

પછી ત્રણ ગધેડાં બરાબર ગણી લઈ, એક ગધેડાં પર સવાર થઇ મૂરખ આગળ વધ્યો. પણ થોડેક જઇને એણે ફરી ગધેડાં ગણી જોયાં તો માત્ર બે! એણે ચારે બાજુ બરાબર તપાસ કરી જોઇ તો ત્રીજા ગધેડાંની પૂછડી જેવું પોતાની પાછળ દેખાયું, પણ ગધેડાંનો ખુદનો પત્તો લાગ્યો નહિ.

નવાઇ પામી તે પાછો ફર્યો.

વળી પેલો માણુસ મળ્યો. આ વખતે એની પાસે છ ગધેડાં હતાં! તેણે પુછયું; 'કેમ ભાઇ! હવે શી હકીકત છે?'

મૂરખે કહ્યું: 'એ રામ એના એ! બે ગધેડાં આખાં છે, ને એકની માત્ર પુછડી જેવું કંઇક દેખાય છે!'

માણુસે કહ્યું: 'એનું નામ જાદુ!'

મૂરખે ચિડાઇ કહ્યું: 'મારે નહિ જોઇએ એવું જાદુઈ ગધેડું!'

પછી માણસે મૂરખને ગધેડા પરથી નીચે ઉતારી ગધેડાં ગણાવ્યાં તો પુરેપુરા ને આખેઆખાં ત્રણ થયાં! કટકો પુછડીવાળું ગધેડું પણ આખું હતું.

ખુશ થઇ મૂરખાએ ત્રીજું જાદુઇ ગધેડું માણસને ઇનામમાં આપી દીધું!

પછી બે ગધેડાં બરાબર ગણી જોઇ, એક ગધેડા પર સવાર થઇ, મૂરખ આગળ વધ્યો. પણ થોડેક જઇને એણે ફરી ગધેડાં ગણી જોયાં તો માત્ર એક! ચારે બાજુ બારીકીથી તપાસ કરતાં બીજા ગધેડાની માત્ર કાનની અણી અને પુંછડીની કણી જેવું કંઇક માલમ પડયું પણ ગધેડો પોતે અદ્રશ્ય હતો!

નવાઇ પામી તે પાછો ફર્યો.

વળી પેલો માણસ તેને સામો મળ્યો. આ વખતે એની પાસે સાત ગધેડાં હતાં! મૂરખની નવાઇનો પાર ન રહ્યો.

માણસે કહ્યું: 'કેમ, વળી શું થયું'

મૂરખે કહ્યું: 'આ જુઓને, પુરેપુરાં ને આખે-આખાં બે ગધેડાં લઇને હું નીકળ્યો હતો. પણ હવે ગણું છું તો ફકત એક જ થાય છે. ને બીજાની માત્ર કાનની અણી અને પુછડાની કણી જેવું કંઇક મારી

આગળ પાછળ દેખાય છે. પણ ગધેડાનો પોતાનો ક્યાંય પ-તો નથી.'

માણસે હસીને કહ્યું : 'એનુ નામ જાદુ!'

પછી તેણે મૂરખને નીચે ઉતારી, તેની પાસે ગધેડાંની ગણતરી કરાવી તો પુરેપુરાં ને આખેઆખાં બે ગધેડાં થયાં! કાનની અણી ને પુછડીની કણીવાળું ગધેડું પણ આખેઆખું તેની સામે ઉભું હતું!

તેણે ખુશ થઈ એ બીજુ જાદુઈ ગધેડું માણસને ઈનામમાં દઇ દીધું.

પછી એક ગધેડાંને એણે ફરીફરીને ગણ્યું! તે એક છે, ને આખેઆખું છે એની ખાતરી કરી જોઈ, એ એના પર સવાર થઇ આગળ ચાલ્યો.

થોડેક જતાં વળી તેને ગધેડાંની ગણતરી કરવાનું મન થયું; તેણે આમ જોયું, તેમ જોયું, પણ ગધેડો ક્યાંય જોવા મળ્યો નહિ. બારીકીથી તપાસ કરતાં છેવટે તેને પોતાની આગળપાછળ ગધેડાના કાનની અણી અને પુછડાની કણી જેવું કંઈક દેખાયું. પણ ગધેડો પોતે અદ્રશ્ય હતો.

નવાઇ પામી તે પાછો ફર્યો. પણ આ વખતે પેલો માણસ પણ દેખાયો નહિ.

જોરથી એણે ગધેડાંને મારી મૂકયો. એમ કરતાં તે જ્યાંથી નીકળ્યો હતો તે ગામમાંજ પાછો આવી પહોંચ્યો. ગામની ભાગોળે તેને મળ્યો હીરો.

હીરાને જોઈ મૂરખને ખૂબ આનંદ થયો.

હીરાએ કહ્યું : ' આમ મારતે ઘોડે જાય છે. તો કંઈ ખોવાઈ તો નથી ગયું !'

મૂરખાએ કહ્યું : ' હા ખોવાઈ ગયું છે !'

હીરાએ કહ્યું : ' શું ? '

મૂરખે કહ્યું : ' મારો ગધેડો ! આમ આવ મારી પાસે. તને બધી વાત સમજાવું. '

આમ કહી તેણે હીરાને પોતાની પાસે બોલાવી કહ્યું : ' હું એક ગધેડો પુરેપુરો ને આખેઆખો લઈને નીકળ્યો હતો, પણ થોડે જઈને જોઉં છુ તો ગધેડો ગુમ ! માત્ર એના કાનની આ અણી અને પુછડાની આ કણી એટલું દેખાય છે ! વચમાંનો ગધેડો ગુમ !'

હીરાએ કાનની અણીને અને પુંછડીની કણીને પોતાના હાથ અડકાડી ખાતરી કરી જોઈને કહ્યું : ' આ ગધેડાંના કાનની અણી, અને આ ગધેડાંની પુછડીની કણી-ખરૂંને ? '

મૂરખે કહ્યું : 'હા !'

હીરાએ વિચાર કરી કહ્યું : 'અને વચમાંનો ગધેડો ગુમ થઈ ગયો છે !'

મૂરખે કહ્યું : 'હા !'

હીરાએ ફરી બે હાથ લાંબા કરી કાનની કણી અને પુછડાની અણીને અડકીને કહ્યું ' આ કાનની અને આ પુછડીની અણી, અને આ વચમાં..........

આમ કહી તેણે મૂરખના શરીર ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું:' તો આ વચમાં તું કોણ છે ! હવે આખો ગધેડો થયો કે નહિ !'

ગધેડા પરથી ઉતરી પડી, ખુશ થઇ હીરાની ડોકે બાઝી પડી મૂરખલાલે કહ્યું : 'એતો હું ભુલી જ ગયો 'તો, દોસ્ત'.

પછી ગધેડાની સામે જોઇ મૂરખે કહ્યું : 'આજે આણે મને બહુ હેરાન કર્યો છે. જો હવે એ કેવો આખે આખો દેખાય છે. પણ ઘડી પહેલાં એ જાદુઇ બની ગયો હતો !'

હીરાએ કહ્યું : 'તો આવાને રાખીને તારે કામ શું છે ! તગડી મેલ વગડામાં ! છોને રખડી ખાતો !'

મૂરખે બે ડફણાં મારી ગધેડાને તગડી મૂકયો.

પછી બન્ને મિત્રો એક બીજાને ગળે હાથ નાખી, વાતો કરતા ઘેર ગયા.

બીજે દીવસે ખુશાલ આખો એનાં ગધેડાંની ખબર કાઢવા રખડી રખડીને થાકયો. પણ એકે ગધેડો એને હાથ આવ્યો નહિ.

છેવટે મગલાશા શેઠની પાસે જઇને એ રડી પડયો.

શેઠ એળે કે બેળે ખુશાલની ખોટ ભાંગી, પણ પણ આ વખતે મૂરખને તેમણે નોકરીમાંથી કાઢી મૂકયો